મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૪ ટકા
ગાંધીનગર તાપમાન

દિવાળીના આગમને મીઠાઈ બજારમાં તેજી

મીઠાઈ-ડ્રાયફ્રુટની બોલબાલા : શહેરના વેપારીઓને હજ્જારો કિલો મીઠાઈના ઓર્ડર : બજારમાં અવનવા ગીફટ પેક ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૨૬

દિપાવલીના પાવન પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે.તેમ છતા બજારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. સવારથી સાંજ સુધી બજારો સુમસામ લાગી રહ્યા છે. ત્યારે દિવાળીને પગલે મીઠાઈ બજારમાં તેજી આવી ગઈ છે. દિપાવલીના પાવન પ્રસંગે મીઠાઈ આપી મોં મીઠું કરાવવાની પરંપરાગત રીતભાતને પગલે બજારમાં મીઠાઈ બનાવવાનું કામ પુરજોશમાં શરુ થઈ ગયું છે. શહેરમાં અંદાજીત ૨૦ હજાર કિલો મીઠાઈના ઓર્ડર વેપારીઓને મળી ગયા છે. જેથી વેપારીઓ દિવાળીના ઓર્ડને પહોંચી વળવા માટે રાત-દિવસ કામ કરી રહ્યા છે. જયારે કેટલીક કોર્પોરેટ કંપનીઓ હજુ પણ બજારમાં ભાવ-તાલ અને મીઠાઈની પુછપરછ અને કવોલીટીની તપાસ કરી રહ્યા છે. પરંતુ આગામી દિવસમાં મીઠાઈના બજારમાં તેજી આવવાના પુરેપરા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ત્યારે ગાંધીનગર શહેરના એક મીઠાઈના વેપારી સાથે વાચચીત કરતા તેમણે જણાવ્યું કે દિવાળીમાં દરેક વ્યકિત સંબંધ સાચવવા માટે મીઠાઈ પસંદ કરે છે. જેથી બજારમાં ડ્રાયફ્રુટ અને માવાની મીઠાઈઓ હાજર સ્ટોકમાં છે. દિવાળીના બે-ત્રણ દિવસ અગાઉ આપવાની હોય તો ગ્રાહક માવાની મીઠાઈ પસંદ કરે છે. તે સિવાય કાજુની મીઠાઈ સૌથી વધુ ગ્રાહકો પસંદ કરે છે. ડ્રાયફ્રુટમાં અવનવા પેંકીગ સાથે ગીફટ પેક રૂ. ૨૫૦ થી લઈને રૂ. ૩૦૦૦ સુધીના છે તો મીઠાઈમાં ગીફટ પેકમાં રૂ.૧૫૦ થી લઈને ૨૫૦૦ સુધીના છે. મીઠાઈની દુકાનોમાં ડ્રાયફ્રુટ અને મીઠાઈના ગીફટપેક, મીઠાઈ, ડ્રાયફ્રુટ, નમકીન અને ચોકલેટના ગીફટ પેક હેમ્પર વધુ જોવા મળે છે. આ વર્ષે મીઠાઈના વેપારીઓ પ્લાસ્ટીકના પેંકીગમાં પણ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાના છે જેથી મીઠાઈનું બોક્ષ વધુ સુશોભિત અને આકર્ષક બનશે. જયારે દિવાળીને ગણતરીના દિવસો હોવા છતા વરસાદ, નાણાભીડ અને જીએસટી, દબાણ, પાર્કીંગ સહિતના કારણે બજારમાં ઘરાકી ઓછી જોવા મળે છે. પરંતુ આગામી દિવસોમાં ઘરાકી ખુલશે તેવી વેપારીઓ આશા વ્યકત કરી રહ્યા છે. પરંતુ હાલના સમયે તો પોતાને મળેલા હજ્જારો કિલોની મીઠાઈના ઓર્ડર પૂર્ણ કરવા વેપારીઓ રાત દિવસ કમરકસી રહ્યા છે.

આજે ટેરો કાર્ડ વિષયક માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના એક માત્ર ટેરો કાર્ડ રિડર પ્રીતિ ગડકરી દ્વારા ટેરો સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટેરો કાર્ડ વિશેની સમજ અને તેનાથી શું મહત્વ છે તે વિષયક માર્ગદર્શન આપવામાં આવશે સેક્ટર-૨૨ સ્થિત જૈન દેરાસર ખાતે તારીખ ૨૭ ને સાંજે શનિવારે ૪ થી ૮ અને તારીખ ૨૮ ને રવિવારે સવારના નવ વાગ્યાથી રાત્રિના આઠ સુધી ટેરો સેમિનારનો લાભ લઈ શકાશે. રજિસ્ટ્રેશન માટે ૯૭૩૭૩ ૩૫૬૭૭ પર સંપર્ક કરવા પ્રીતિ ગડકરીએ જણાવ્યું છે.

ચિલોડામાં ડેન્ગ્યુનો કેસ મળતા ફોગીંગ અને લારવેલની કામગીરી હાથ ધરાઈ

ચિલોડા, તા.૨૬

ગાંધીનગર તાલુકામાં ચિલોડા સ્થિત જનકપુરી સોસાયટીમાં રહેતા ચિરાગ મનોજકુમાર સેનને ડેન્ગ્યુ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તેમને સારવાર અપાઈ રહી છે. ડેન્ગ્યુના કેસ બાદ પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય ખાતાના કર્મચારી દ્વારા આ વિસ્તારમાં ફોગીંગ અને એન્ટી લારવેલની કામગીરીમાં દિનેશભાઈ પરમાર અને પ્રફુલ પટેલ જોડાયા હતા.

ગાંધીનગર-હિંમતનગરમાં ફૂટબોલ એકેડમી સ્થપાશે : મુખ્યમંત્રી

રૂ. ૫૧૬ કરોડ જેટલું બજેટ આ વર્ષે ફાળવી રમતગમત ક્ષેત્રને પ્રોત્સાહન આપ્યું છે

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં ફુટબોલની રમતને વધુ પ્રોત્સાહન આપવા હિંમતનગર અને ગાંધીનગરમાં ફૂટબોલ એકેડેમી સ્થાપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અગ્રણી અંગ્રેજી દૈનિક ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને ક્લેરિસના સહયોગથી સાતમી ટી ટ્વેન્ટી ફુટબોલ ટુર્નામેન્ટ અમદાવાદ ખાતે પ્રારંભ કરાવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં ગુજરાતની શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ૮૪ જેટલી ટીમો ભાગ લઈ રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમતને પ્રોત્સાહન આપવા ખેલમહાકુંભ શરૂ કરાવ્યો હતો. જેમાંથી આજે સરિતા ગાયકવાડ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવી છે. શાળાઓના ૪૦ લાખથી વધુ બાળકો ખેલમહાકુંભમાં રમતગમત ક્ષેત્રે આગળ વધી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અગાઉ રમતગમત ક્ષેત્રે માત્ર ૨૦ કરોડ જેટલું બજેટ ફાળવવામાં આવતું હતું. પરંતુ આ સરકારે રૂા. ૫૧૬ કરોડનું બજેટ ફાળવી ગુજરાતમાં રમતગમત ક્ષેત્રને પ્રોત્સાહન આપ્યું છે એટલું જ નહીં ખેલાડીઓને શક્તિદૂત યોજના હેઠળ રૂા. ૭૫ કરોડ જેટલો ખર્ચ કરી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના પ્રાપ્ત કરે તે માટે પ્રોત્સાહન પુરું પાડયું છે.

ક્લેરિસના એમ.ડી. શ્રી અર્જૂન હાંડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ફુટબોલને પ્રોત્સાહન આપવા અમે સતત પ્રયાસો કરી રહ્યા છીએ અને વિદ્યાર્થીઓને તક મળે તે માટે આ ૭મી ટુર્નામેન્ટ છે. રાજ્યની ૧૦૦ થી વધુ સ્કુલોના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

આ પ્રસંગે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રેસી. એડિટર શ્રી હરિત મહેતા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

એલસીબીની ટીમે બધુ બે દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈકાલે અલગ-અલગ સ્થળોએ દેશી દારૂના અડ્ડા ઉપર દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો ત્યારે આજે મોટી ભોયણ અને શેરીસામાં એમ બે સ્થળોએ દરોડા પાડયા હતા. એલસીબીની ટીમે બંને સ્થળોએથી મળી ને ૨૨૯ લિટર દેશી દારૂ અને ૪૦૦લીટર વોશનો જથ્થો પકડી ત્રણ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબીએ સપાટો બોલાવવાનું શરૂ કરતા દેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ગાંધીનગર પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાની કડક સૂચનાથી જિલ્લામાં વિદેશી દારૂ તો ઠીક હવે દેશી દારૂના વેચાણ ઉપર પણ પોલીસે ધોંસ બોલાવી છે. ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટ ની ટીમોએ બે દિવસથી દેશીદારૂના અડ્ડાઓ અને પીઠાઓ ઉપર દરોડા પાડવાનું શરૂ કર્યું છે ત્યારે આજે પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મોટીભોયણ વિસ્તારમાં દરોડો પાડી અજમલ ખોડાજી ઠાકોર નામના શખ્સને ૪૦૦ લીટર દેશી દારૂનો વોશ અને ૭૦ લિટર દેશી દારૂ સાથે દબોચી લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી ટીમે કલોલ ખાતે શેરીસા ગામે કેનાલના પુલ પાસે વોચ ગોઠવી દેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને દબોચી લીધા હતા. વાડજ વિસ્તારના બહાદુરસિંહ સરદારસિંહ વડેચ અને સુરજીતસિંહ મનજીતસિંહ રંધાવા નામના બે શખ્સોને એકટીવા સાથે કુલ ૧૫૯ લિટર દેશી દારૂ સાથે પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિસામણી પત્નીએ પતિનો મોબાઈલ તોડી નાખી જાનથી મરાવી નાખવાની ધમકી આપી

સેક્ટર-૧૬ માં મહિલા પોલીસ સ્ટેશન પાસે બનેલો બનાવ : પતિએ પત્ની અને સસરા સામે નોંધાવી ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૬

શહેરના સેક્ટર-૧૬ ખાતે આવેલા મહિલા પોલીસ સ્ટેશન નજીક પતિ-પત્ની વચ્ચે ધમાચકડીના દૃશ્યો સર્જાયા હતા. સે-૨૫ ખાતે આવેલી સૂર્યનારાયણ સોસાયટીમાં રહેતી રિસામણા પત્નીએ પોતાના પતિનો મોબાઈલ આંચકી લઈ તોડી નાખ્યો હતો અને અમદાવાદથી ગાંધીનગર આવવાના રસ્તા ઉપર તેને જાનથી મરાવી નાખવાની ધમકી આપી હતી. સસરાએ પણ મારી નાખવાની ધમકી આપી ગાળાગાળી કરી હતી. આ મામલે અમદાવાદ ખાતે રહેતા પતિએ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં પત્ની અને સસરા સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા દક્ષેશ વાણીયા નામના વેપારીએ વર્ષ ૨૦૦૬માં ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ ખાતે સૂર્યનારાયણ સોસાયટીના એક મકાનમાં રહેતી યુવતી સાથે લગ્ન કર્યા હતા. તેમને બે સંતાનો પણ છે. જો કે છેલ્લા ઘણા સમયથી બંને વચ્ચે મનમેળ ન થતા કોર્ટ કેસ ચાલુ છે અને પત્ની રીસામણી થઈને પોતાના પિયરમાં સંતાનોને લઈને સેક્ટર-૨૫ ખાતે રહે છે. પતિ દક્ષેશે ફેમેલી કોર્ટની મંજૂરી લઈને શનિ-રવિવારે સંતાનોને મળવાની પરવાનગી લીધી હતી. પતિ અને પત્ની બંનેની સ્થળ અને સમયની મંજૂરી આધારે મળેલી છૂટ મુજબ ૧૩ ઓક્ટોબરે સેક્ટર-૧૬ ખાતે પોલીસ સ્ટેશન નજીક તેઓ મળ્યા હતા. દીકરાએ પેટમાં દુખે છે તેવું કહેતા પતિએ ફોટો અને વિડીયોગ્રાફી શરૂ કરતા પત્ની ઉકળી ઉઠી હતી અને પતિના હાથમાંથી મોબાઈલ આંચકીને બાઈકના સાઈલેન્સર ઉપર ફેંકી મોબાઈલ તોડી નાખ્યો હતો. તેની સાથે જ પત્નીએ ધમકી આપી હતી કે અમદાવાદ થી ગાંધીનગર આવવાના હાઈવે ઉપર તને મરાવી દઈશ. સાથે જ સસરાએ પણ જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળાગાળી કરી હતી. સમગ્ર મામલે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ગઈકાલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. પોલીસે પતિની ફરિયાદના આધારે પત્ની અને સસરા સામે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.

ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં ગરબા ડેનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

શહેરની સેકટર-૬ની ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં શરદપૂર્ણિમાના દિવસે નવરાત્રિ નિમિત્તે ગરબા ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ટ્રેડિશનલ ડ્રેસમાં હોંશે હોંશે ભાગ લીધો હતો. ડિવાઈન પ્રિન્સ આરવ ચૌધરી, રનરઅપમાં યુગ ઉપાધ્યાય તથા રુદ્ર ચૌધરી, ડિવાઈન પ્રિન્સેસ ધ્યાની પંડયા તથા રનરઅપમાં પહલ સકસેના તથા શ્રેયા વોરા, બેસ્ટ ડ્રેસ બોયમાં પ્રથમ માન ચૌધરી તથા દ્વિતીય નક્ષ પરમાર, તૃતીય દિગ્વિજય રાણા, બેસ્ટ ડ્રેસ ગર્લમાં પ્રથમ તનિષ્કા પટેલ, દ્વિતીય કઈરા વાઘેલા, તૃતીય સ્વરા ચૌધરી અને સ્ટાર ઓફ ડેમાં સાન્વી ચૌધરી, હેત્વી પટેલ, વીરા આચાર્ય, અવિન જાદવ, જાનકી પ્રજાપતિને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ડિવાઈન જૂનિયરના સ્થાપક ગિરા ચૌધરી તથા ટીચર્સ ભારતીબેન રાઠોડ, યોગિતાબેન ઉપાધ્યાય તથા રિચા માળીએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

એકતા યાત્રા ગાંધીનગરમાં બે દિવસ ફરશે

વિવિધ સ્પર્ધાઓમાં ૩૭ હજારથી વધુ વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન સાથે ગાંધીનગર જિલ્લો રાજયમાં પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા.૨૬

દેશની એકતા અને અખંડિતતા શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના એકતાનો સંદેશ ગુજરાતના ગામેગામ ફેલાવવા યાજાઈ રહેલ એકતા યાત્રાને ગાંધીનગર જિલ્લાના ગામેગામ ભવ્ય આવકાર અને અભૂતપૂર્વ સન્માન મળી રહ્યું છે. એકતા રથના આગમન પ્રસંગે આતુરતાથી રાહી જોઈ રહેલા વિશાળ સંખ્યામાં ગ્રામજનો એકતા રથનું સ્વાગત કરી સરદાર સાહેબની પ્રતિમાની આરતી ઉતારી પુષ્પાજંલિ અર્પણ કરી ભાવપૂર્વક અંજલિ આપી રહ્યાં છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ અને ગાંધીનગર તાલુકાના કુલ ૬૬ ગામોમાં અને દહેગામ નગરપાલિકા વિસ્તાર સહિત એકતા રથનું ઉષ્માભર્યું સ્વાગત કરી ૧૬ હજાર જેટલા લોકોએ એકતાના શપથ લીધા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી—એકતા યાત્રાને જિલ્લામાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. આગામી તારીખ ૨૮ અને ૨૯ ઓકટોબર બે દિવસ એકતા યાત્રા ગાંધીનગર શહેરના તમામ સેકટરોમાં ફરશે.

એકતાયાત્રાના ગાંધીનગર પ્રવેશ નિમિત્તે ગાયત્રી મંદિર સે-૧ ખાતે સમારંભ યોજાશે. જેના અધ્યક્ષસ્થાને રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિ અમીન ઉપસ્થિત રહેશે. આગામી તા. ૨૮મી ઓકટોબરના રોજ બપોરે ૩ કલાકે ગાયત્રી મંદિર, સેકટર-૧ ખાતેથી એકતાયાત્રાનું પ્રસ્થાન થશે ત્યારબાદ સે-૨ થી સે-૭ અને ઈન્દ્રોડા ગામ સુધી તબક્કાવાર ફરશે. ત્યારબાદ ૨૯મી ઓકટોબરના રોજ સે-૧૨ ખાતેથી પુનઃ એકતાયાત્રાનું પ્રસ્તાન થશે જે જુના સેકટરોમાં ફરી એકતાનો સંદેશ પ્રસરાવશે. તમામ નાગરિકોને આ એકતાયાત્રામાં જોડાવવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વોર્ડ ઉપરાંત ધોળાકુવા, આદિવાડા, બોરીજ અને ઈન્દ્રોડા ગામોમાં પણ એકતા યાત્રા ફરશે.

એકતા યાત્રા અંગે મોશન ફિલ્મ, સરદાર પટેલ અને નેશનલ યુનિટી ઉપર કવિઝ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ડિબેટ સ્પર્ધામાં સમગ્ર રાજયમાં ગાંધીનગર જિલ્લામાંથી સૌથી વધુ ૩૭,૯૨૯ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લેવા રજિસ્ટ્રેશન કરાવી ગાંધીનગર જિલ્લો પ્રથમ ક્રમે રહ્યો છે. જિલ્લાની વિવિધ શાળાઓના ધોરણ-૯ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ સ્પર્ધામાં ભાગ લીધો છે.

આત્મપુત્ર સત્સંગ

ગાંધીનગર, તા.૨૬

દાદા ભગવાન પરિવાર ગાંધીનગર દ્વારા આત્મપુત્ર સત્સંગનું આયોજન તા. ૨૮-૧૦-૨૦૧૮ને રવિવારના રોજ આંબેડકર ભવન સે-૧૨ ગાંધીનગર ખાતે સવારે ૯.૩૦ થી ૧ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. તો સત્સંગમાં સર્વે ભાઈઓ તથા બહેનોને લાભ લેવા રમેશભાઈ સૌંદરવા તથા મનીષ જી. શુકલએ જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. રાણા કનુસિંહ પ્રતાપસિંહ, ઉ.વ. ૪૦
- સ્વ. ઠાકોર ચંચીબેન કચરાજી, ઉ.વ. ૯૫
- સ્વ. ઠકકર અમૃતલાલ લક્ષ્મીરામ, ઉ.વ. ૮૩
- સ્વ. પ્રજાપતિ ડહીબેન લક્ષ્મણભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. ગોસ્વામી મંજુલાબેન મોહનપુરી, ઉ.વ. ૫૨